Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૭ • તા. ૨૪ એપ્રિલ ૨૦૧૭ થી ૩૦ એપ્રિલ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ દ્વારા માતુશ્રી ચંદનબેન જાદવજી ધરમશી પરિવાર હસ્તે મુકેશ જાદવજી ધરમશીના સૌજન્યથી તા. ૦૯-૪-૨૦૧૭ના આયોજીત બ્રેસ્ટ કેન્સર ટેસ્ટ મેડિકલ કેમ્પની ફોટો ઝલક

















|| નમામિ જ્ઞાતિ મૈયૈ ||

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), ૧૯૦/૯૧, જવાહરલાલ નેહરૂ રોડ, ભારત બેંકની સામે, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

સેક્રેટરી જનરલ : **ચીમન મોતા** - 093222 20708

જ્ઞાતિનો કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

**આયોજે છે......**



## સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭

### ચાલો શોધીએ દશાઓની ગરિમાપૂર્ણ સાર્થક ભાવિ દિશા

| સમય : | સ્થળ : | સહયોગ રકમ : |
|---|---|---|
| રવિવાર, તા. ૧૮ જુન ૨૦૧૭ સવારે ૦૯ થી સાંજે ૭.૩૦ | તારાંકિત એ.સી. હોલ, મુંબઈ. | દરેક પ્રતિનિધી (ડેલીગેટ)ના રૂા. ૧૫૦૦/- |

**પ્રતિનિધી (ડેલીગેટ) :** મુળભુત મહાજનો ઉપરાંત સર્વે સ્થાનિક મહાજનો ના ટ્રસ્ટીઓ પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને મંત્રીઓ પૈકી એક + મહિલા આગેવાને કે પદાધિકારી + યૂવા આગેવાન કે પદાધિકારી મળી દરેક મહાજનના કુલ્લ ૪ (ચાર) પ્રતિનિધિઓ તેમજ સમસ્ત મહાજનની મહાસમિતિના સર્વે સભ્યો.

ઑબસરવર (નિરીક્ષક) તરીકે સહભાગી થવા જ્ઞાતિની મુખ્ય સંસ્થાઓના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને આગેવાન / શ્રેષ્ઠીઓ ને ખાસ નિમંત્રણ છે.

**પૂર્વ નોંધણી આવશ્યક**

**વિષય :** • સમાન દષ્ટિબિંદું કેળવવાની કાર્યશાળા • સમાન દષ્ટિબિંદુ સિદ્ધ કરવા માટેના લક્ષ્યો અને પ્રવૃત્તિઓ • મહાજન ઘોષણાપત્ર • મહાજન નાણાકીય નીતિ અને વ્યવસ્થાપન • ટ્રસ્ટોનું વ્યવસ્થાપન • મેડિકલ અને શૈક્ષણિક સમસ્યાઓનું સમાધાન કરી સામાજિક સુરક્ષા કેવી રીતે સિદ્ધ કરવી. • નીતિઓ અને શિષ્ટાચાર • યુવા વિકાસ અને પ્રતિનિધિત્વ • નારી વિકાસ અને સશક્તિકરણ

આવનારા ૨૫ વર્ષનું વિઝન અને અગત્યતાઓ વિચારધારા નક્કી કરવા

આધુનિક વિચારધારા સાથે પરંપરાની સમયોચિત જાળવણી

**સૌ મહાજનોને નમ્ર વિનંતી સહ આહવાન છે કે તેમનું પુરે પુરું પ્રતિનિધિત્વ મળી રહે**

**રજીસ્ટ્રેશનના ફોર્મ અને વિગતો ટુંક સમયમાં આપને પોસ્ટ/કુરીઅર /મેઈલ થી મળી જશે.**

લીડર સમીટની કાર્યવાહીના અનુસંધાનમાં નીતિઓ અને રણનીતિઓ નક્કી કરવા મહાસમિતિની બેઠક પણ યોજાશે. તેમાં મહાસમિતીના દરેક પ્રતિનિધિ અવશ્ય સહભાગી થાય.

## LEADERSHIP SUMMIT 2017

**Venue :** Star Hall (AC), Mumbai

**Pre-Registration Necessary**

**Date & Time :** Sunday 18th June 9.00 am. to 7.30 pm **Contribution :** Rs. 1500/- for each Deligate

**Excepted Representation :** Either President or Secretary of Mahajan as well as woman or youth leader

**Observer :** Office bearer of community institutions of & all the VIP of the Community can enroll as observer.

**Programme :** • Vision building workshop • Goals and activities for achieving vision • Mahajan memorandum • Mahajan financial policy and management • Management of trusts • How to achieve social security and address issues of medical and educaiton • Policies and protocols • Youth development & representation • Women development and empowerment

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

: વ્યવસ્થાપક :

ચંદ્રસેન મોમાયા

મો. 09324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 17/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કેડીઓ લીડરશીપ સમીટ

**નિશિથ દંડ**, વડોદરા
સમસ્ત મહાજનની
લીડરશીપ સમીટ
કન્વીનર (સંયોજક)



સમસ્ત મહાજન તા. ૧૮ જુન રવિવારના મુંબઈમાં કેડીઓ લીડરશીપ સમીટનું આયોજન કરી રહ્યું છે. જેમાં જ્ઞાતિના બધા મહાજનના મહિલા અને યુવા આગેવાનો સહિતના પ્રતિનિધિઓને પધારવા આમંત્રણ અપાયું છે. આ ઉપરાંત અન્ય જ્ઞાતિસંસ્થાઓના પદાધિકારીઓ તેમજ જ્ઞાતિના મહાનુભાવોને નિરીક્ષક તરીકે સહભાગી થવા આમંત્રણ છે.

જ્ઞાતિ ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારના લીડરશીપ સમીટનું આયોજન થઈ રહ્યું છે. સમાજની અગ્રતાઓ નક્કી કરવા આગેવાનો કદાચ પહેલાંય ઘણી વખત મળ્યા હશે પણ એ પ્રક્રિયામાં ૨૦% સહભાગ મહિલાઓનો અને ૨૦% સહભાગ યુવાનોનો હોય એવી સ્પષ્ટ વાત પ્રથમ વખત થઈ રહી છે. ત્યારે મહાજનોનું કર્તવ્ય બને છે કે તેઓ અપેક્ષા પ્રમાણે પ્રતિનિધિ મોકલીને જ્ઞાતિને એક નવી દિશા તરફ લઈ જઈને જ્ઞાતિ ઉત્કર્ષ માટે નવી કેડી કંડારવાની પ્રક્રિયામાં પોતાનું યથોચિત યોગદાન આપે.

૨૧મી સદી સાથે તાલ મિલાવવા આપણું સહિયારું દૃષ્ટિબિંદુ (વિઝન) યથાશક્ય વહેલું સ્પષ્ટ કરવું રહ્યું. આવનારા ૫૦ વર્ષોમાં કેવાં કેવા ફેરફારો આવશે અને એક પ્રગતિશીલ સમાજ તરીકેનું ગૌરવ જાળવવા – લેવા આપણે કયા પ્રકારના કાર્યો કરવા જોઈએ તેના પર ચર્ચા વિચારણા જરૂરી છે.

ભારતમાં યુરોપ-અમેરીકા જેવી સોશ્યલ સીક્યુરીટીને આવતા હજી ઘણાં વર્ષો લાગી જશે. ત્યારે આપણે આપણી જ્ઞાતિને સોશ્યલ સીક્યુરીટીથી કેવી રીતે આવરી શકાય તેની રણનીતિ બનાવવી રહી.

સરકાર પોતે અપનાવી રહી છે તેવી પધ્ધતિ પ્રમાણે જવું હોય તો દરેક જ્ઞાતિજનને એક આઈકાર્ડ અપાવવું જોઈએ. જેમાં તેનો પરમનેન્ટ નંબર હોય સમગ્ર સામાજના સભ્યોની મહિતીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવે. (વસતિપત્રક સમિતિ પાસે વિગતો છે પણ તેનો આપણા ક્વચિત જ ઉપયોગ કરીએ છીએ.

કોઈપણ સભ્યને ધંધો કરવા ૫ લાખ સુધીની વગર વ્યાજની લોન ૨ રેફરન્સ સાથે તથા સોનાની સામે કેમ આપી શકાય એનું આયોજન કરવું રહ્યું. આવું આયોજન કરવા જ બીજા સંમેલનમાં સહકારી બેંક સ્થાપવાનો નિર્ણય લેવાયેલો અને તે જમાનાના યુવાનોએ તે માટે અરિહંત બેંક સ્થાપી પણ આજે રીઝર્વ બેંકના નિયમનોને કારણે તે જ્ઞાતિની બધી અપેક્ષા પૂરી કરી શકે તેમ નથી.

આજે મધ્યમવર્ગની સહુથી લાચારી શિક્ષણ, મેડિકલ અને સ્વરોજગારી ક્ષેત્રમાં છે. સમાજના આર્થિક રીતે નબળા પરિવારોને મેડીકલ સુવિધા / એજ્યુકેશન સંપુર્ણ ફ્રી આપી શકાય કે કેમ તેના પર વિચારણા કરવી રહી. સાધર્મિક ભક્તિ એ માત્ર સ્વામિવાત્સલ્ય પુરતી સિમિત ન રાખતાં વૈદ્યકીય અને શૈક્ષણિક જરૂરિયાતો કેમ પુરી પડી શકાય તેના માટે મહાજનોનું દૃષ્ટિબિંદુ (વિઝન) શું છે તેની સ્પષ્ટતા કરવી રહી.

સમસ્યાઓનો ઉકેલ લાવવા કુશળ લોકોને જવાબદારી સાથે સત્તા સોંપવી જોઈએ. આપણે જોઈ રહ્યા છીએ કે સમાજના હિતમાં પણ સૌ એકમત નથી. આપણી અંદરની હુંસાતુંસીના કારણે આપણે સમસ્ત જ્ઞાતિને એક યા બીજી રીતે  નુકસાન પહોંચાડી રહ્યા છીએ.

કોઈ એક બે પ્રાણવાન વ્યક્તિની આગેવાનીમાં કામ કરતી જ્ઞાતિની ટીમ જ્ઞાતિની સમસ્યાઓનું નવી તરાહથી, નવી પદ્ધતિથી ઉકેલ આણે એના માટે સૌએ સાથે મળીને આવી વ્યક્તિઓની શોધ કરવી જોઈએ તેમ જ તેમને જવાબદારી સાથે સત્તા સોંપવી જોઈએ.

સંસ્થાઓમાં વહીવટ સંભાળનારી વ્યક્તિઓ સંતુલિત, સમજદાર, નિર્ભિક અને સત્યની સેવામાં રહીને જ્ઞાતિ હિતને પ્રાધાન્ય આપીને જ્ઞાતિને ઉચ્ચ શિખરે પહોંચાડે એવી આપણા સહુની ભાવના છે. એકે એક જ્ઞાતિજને જાગરૂક રહીને પોતાની ફરજ સમજવી પડશે. સમસ્યાઓને હલ

કરવી હશે તો સૌએ સાથે મળીને સહિયારા પ્રયત્નો કરવા પડશે. જો થોડી જાગૃતિ દાખવીએ તો લીડરશીપ સમીટ આપણા માટે કે જ્ઞાતિને ૨૧મી સદીમાં વર્લ્ડક્લાસ બનાવવાનો સુંદર અવસર છે.

મહાજનોની નીતિ આજના સમય અનુસાર નક્કી કરવી જોઈએ. તે માટે બંધારણમાં ફેરફાર કરવા પડે તો હિચકીચાટ ના થવો જોઈએ. ભારત સરકારે ૫૦ વર્ષમાં ૫૦૦ વખત બંધારણમાં સુધારા કર્યા છે. જ્યારે આપણે ૧૨૫ વર્ષના ઈતિહાસમાં કેટલા સુધારા કર્યા?

જુની ઘરેડેથી ચાલીને હવે આપણે વિશ્વની સાથે તાલ નહીં મિલાવી શકીએ તો આપણે બળદ યુગમાં રહી જશું. જ્ઞાતિ સમક્ષ નવું વિઝન મુકીને આપણે આપણા ગોલ (ધ્યેય) નક્કી કરીએ.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.


For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

કોઈપણ જ્ઞાતિજનને કોઈપણ જાતની તકલીફ પડે ત્યારે એનો ઉકેલ ફક્ત દસ જ મિનિટમાં થઈ જાય એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગોઠવવું જોઇએ. દા.ત. જ્ઞાતિના કોઈ પણ બાળકને ૧૨માં ધોરણ પછી કઈ સ્ટ્રીમ (કયા વિદ્યા પ્રવાહ)માં જવું છે અને એને કયાં એડમીશન મળી શકે એમ છે તેની ગોઠવણ કરવી, કોઈને હોસ્પિટલની જરૂર હોય, કોઈનું રસ્તા પર એક્સીડેન્ટ થયું હોય તો ફક્ત દસ જ મિનિટમાં એને મદદ પહોંચાડી શકાય એવી વ્યવસ્થા કરવી જરૂરી છે. કોઈ મહારાજ સાહેબને વિહાર દરમિયાન તકલીફ ઊભી થાય તો તરત આપણું વૈયાવચ્ચ તંત્ર કામે લાગી જવું જોઇએ.

દરેક ફીલ્ડમાં આપણા યુવાનો આગળ આવે એના માટે પ્રયત્નો કરવા જોઈએ. રમતગમત ક્ષેત્રે, સંગીત ક્ષેત્રે, કોમ્પ્યુટર માસ્ટરી, નવા નવા ઘણા ક્ષેત્ર હવે દુનિયામાં નિકળ્યા છે તેમાં આપણા યુવાનોને મોકલીએ. આપણા બાળક સ્પેસમાં કેમ ન જાય? માઉન્ટ એવરેસ્ટ કેમ ન ચઢે? હૉકી, ક્રિકેટ, ફુટબોલ અને ટેનીસમાં કેમ આગળ ન વધે? એના માટેના સહિયારા પ્રયત્નો થવા જોઇએ. કેમ આપણી જ્ઞાતિમાં વિરાટ કોહલી, સાનિયા મીર્ઝા, મેરીકોમ, બચેન્દ્ર પાલ જેવી પ્રતિભા તૈયાર થતી નથી? તેના માટે શું સહિયારા પ્રયત્નો કરવા તેના પર વિચારણા કરવા ભેગા મળીએ એનું નામ જ લીડરશીપ સમીટ.

આવી અનેક બાબતો પર આ લીડરશીપ સમીટમાં ચર્ચા વિચારણા થાય એવી આશા-અપેક્ષા છે. નવા નવા વિચારો, નવું વિજન (સહિયારું દૃષ્ટિબિંદુ) બનાવવાનો સમય હવે પાકી ગયો છે. ફક્ત કદઓની નવી દિશા કે ગરિમા લખીને ભુલી નથી જવું પણ ખરેખર આપણી જ્ઞાતિને નવી દિશા બતાવવા કે ગરિમા જાળવવા આગેવાનોએ સહિયારી વિચારણા - પ્રયત્નો કરવાની વાત કાળની કાર્યસૂચિ પર મૂકાઈ ગઈ છે. એમ કરીને જ આપણા જ્ઞાતિજનો ખાસ કરીને યુવાનોને ઝડપથી બદલાઈને ગામડું બનતી દુનિયાના કદમો સાથે કદમ મિલાવતા બનાવીએ. આ આપણું યુગ કર્તવ્ય છે, માટે સૌ મહાજનોના પ્રતિનિધિઓ ઉત્સાહભેર આ સમીટમાં ભાગ લે અને મોટી સંખ્યામાં સહિયારું દૃષ્ટિબિંદુ વિકસાવવા ભેગા થાય એવો હેતુપૂર્વકનો અનુરોધ છે.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## વેકેશન પ્રકાશ : ઓછો સામાન, ઝાઝો આનંદ
### (વર્ષ ૨૦૧૭નું ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયું છે તો જ્ઞાતિ આગેવાન અને તનમન ટુર્સના સંચાલક ચીમન મોતા પાસેથી જાણીએ પ્રવાસને સાર્થક બનાવવા જરૂરી ચીજો શું છે...

એશો-આરામથી ભરપુર પ્રવાસ, સાથે સાઈટસીઈંગ, ચટાકેદાર ભોજન એટલે રીતસરના જલસા, ખાસ કરીને ગુજરાતીઓ આવા ઓલ-ઈન-વન પર્યટનના આગ્રહી છે. ગુજરાતી પ્રજાનો આ પડકાર તન-મન ટૂર્સ એન્ડ ટ્રાવેલના ચીમન મોતાએ આબાદ ઝીલ્યો અને સફળતા પણ મેળવી છે. એક સરસ નીરીક્ષણ કરતાં તેઓ કહે છે. ''પ્રવાસ સાથે ભોજનનો મીઠો આગ્રહ ગુજરાતીઓ વધુ કરે. અન્ય પ્રજાનું એવું કે તેમને ફરવાના દિવસોમાં વધુમાં વધુ કેમ જોવા મળે એની વધુ તાલાવેલી હોય. બાકી બધું તેમને મન ગૌણ હોય.''

**દેશ-વિદેશમાં તમારાં માનીતા સ્થળો ક્યાં ? :**

જેઓ ઓછું ફર્યા હોય તેઓ કદાચ તરત જવાબ આપી શકે પણ મારા માટે કોની પસંદગી કરું અને કોની નહીં એ મોટો પ્રશ્ન છે. છતાં એટલું જરૂર કહીશ કે ભારતની તુલનામાં દુનિયાનું કોઈ કરતાં કોઈ સ્થળ આવી શકે નહીં. નવાઈ એ લાગે કે લોકો સ્વદેશ ખેડવાનું કોરાણે મૂકીને શાને પરદેશ જતા હશે ? એમ નથી કે વિદેશ જવું જ નહીં. વિદેશમાં પણ છે ઘણું જોવા-માણવા જેવું. શિસ્તપ્રિયતા, માળખાકીય સુવિધા વગેરે મોરચે ઘણાં વિદેશી સ્થળો આપણાથી ચડિયાતાં છે. વાત સ્વચ્છતાની કરું તો દેશમાં હું સિક્કિમને પ્રથમ નંબરે ગણું છું. મારે કોઈ સ્વદેશી કે વિદેશી સ્થળોનાં વધુ નામ નથી લેવાં, એટલું કરીશ કે દેશને પણ ખૂબ માણો, વિદેશની સાથે.

**જાતે ટૂર મેનેજ કરવી અને ઓપરેટરની સેવા લેવામાં શો ફરક પડે ?**

જાતે હોટેલ બુક કરાવવી, સ્થળે જઈને જાતે શોધખોળ કરવી લેવી હાલાકીઓ આજે કોણ ભોગવવા તૈયાર છે ? સૌને નિરાંતે ફરવું છે. જાતે દૂર મેનેજ કરો તો નિરાંતનું બાષ્પીભવન થાય. વળી, ટુર ઓપરેટરો પાસે હોસસેલમાં ખરીદવાની તાકાત છે, જે વ્યક્તિગત ધોરણે શક્ય નથી. તેથી, તેઓ વાજવી ભાવે સારી સેવા પૂરી પાડી શકે છે.

ટૂર ઓપરેટરને લીધે નવા લોકો સાથે પણ અનુસંધાન સાધવાની તક મળે. એક કરતાં મિત્રતા બંધાય, વિવિધ સંસ્કૃતિઓનો પરિચય થાય. થોડો વધુ ખર્ચ થાય તો પણ, પરિવારનાં સુખ-સગવડ સાથે બાંધછોડ નહીં કરવાને ટૂર


KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯

**સુજ્ઞ જ્ઞાતિજનો,**

## ''અનંત સિધ્ધિ'', ભાંડુપ (વેસ્ટ) રીડેવલપમેન્ટ

ટ્રસ્ટની માલિકીના ભાંડુપ (પશ્ચિમ) સ્થિત ''અનંત સિધ્ધિ'' મકાનોના રીડેવલપમેન્ટ (Redevelopment)નું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, જેની માટે કરવાની જરૂરી કાયદાકીય કાર્યવાહીની પ્રક્રિયા ચાલુ છે.

મકાનોના રીડેવલપમેન્ટનું કામ ટ્રસ્ટ પોતાના ખર્ચે કરશે તેની નોંધ લેશોજી. રીડેવલપમેન્ટના કાર્યની દેખરેખ માટે નિમ્નલિખિત પાંચ (૫) ટ્રસ્ટીશ્રીઓની રીડેવલપમેન્ટ કમિટિ બનાવવામાં આવી છે.

(૧) **શ્રી જયંત ભવાનજી સોની** (ચેરમેન / પ્રેસિડન્ટ)

(૨) **શ્રી લેરીન વર્ધમાન ખોના** (૩) **શ્રી ચીમનલાલ હીરજી ખોના**

(૪) **શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા** (૫) **શ્રી બિપીન પાસવીર નાગડા**

ટ્રસ્ટીઓ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

ઓપરેટરની સેવા લેવી હિતાવહ છે.

**સ્થળની, ફરવા સંબંધી કોઈ ખાસ ટિપ્સ..**

પહેલી સલાહ કે બેગ ભરીને કપડાં લઈ જવા નહીં. શક્ય એટલી હળવી બેગ સાથે નીકળવાનું. દાગીના લેવા જ નહીં. શોપિંગથી પણ દૂર રહેવું. જોવાલાયક સ્થળોને માણવા નીકળો ત્યારે ક્યાં શોપિંગથી પણ દૂર રહેવું. શોપિંગ ગમતું હોય તો આપણી આસપાસના સ્થળોથી થઈ શકે છે. વળી બહારગામથી લીધેલી વસ્તુ ગમી નહીં, ખરાબ નીકળી, તો બદલવા ક્યાં જવાના. એટલે, શોપિંગ ટળે તેટલું ટાળો, એમાં સાચો આનંદ છે.

**– નીલિમા મહેતા,**
જન્મભૂમિમાંથી સાભાર

## કહીં બોજ ન બન જાયે

ઘણીવાર આપણે આપણા સ્વભાવથી એવા લાચાર બની જઇએ છીએ કે પછી આપણે આપણા સહવાસીઓ માટે એક બોજ જ બની જઇએ છીએ.

આ પરિસ્થિતિ ઘણી જગ્યાએ નિર્માણ થઈ શકે છે. પછી એ ઘર હોય, ઓફીસ હોય, ધંધો હોય, સમાજ હોય કે આપણે રહેતા હોઇએ તે જગ્યાના પાડોશીઓ હોય વગેરે વગેરે. અહીં આપણી જીદ, આપણો સ્વભાવ, આપણી ઉંમર, આપણા સંજોગો એવા બળિયા હોય છે કે આપણું કોઈ કાંઈ બગાડી શકતું નથી ઉલટું આપણે બીજાનું બગાડીએ છીએ અને આ પરિસ્થિતિ નિર્માણ કરવામાં આપણો પોતાનો જ પુરેપુરો હાથ હોય છે.

આમ જોવા જઇએ તો બીજાની સહાનુભૂતિ અને હમદર્દી ને લીધે જ આપણે વચ્ચા હોઇએ છીએ. છતાં આપણામાં સમજણનો છાંટો સુધાપણ આવતો નથી. આજુબાજુવાળાઓની આ બાબતની પરિસ્થિતિની સમજણ થી જ આપણે સચવાયાં હોઇએ છીએ. આપણને દુઃખી કે નારાજ ન કરવાના આશયે તેઓ આપણું બધું જ ચલાવી લેતા હોય છે. આપણી ઉંમરનો જાલાજો તેમની મજબુરી બની જાય છે. આપણે પહેરેલા ઊંધા ચશ્માનો નંબર જો આપણે નહીં બદલાવીએ તો પછી પરિસ્થિતિ એવી વિકટ બનશે કે આપણે ક્યાં ના નહીં રહીએ અને પછી બધી જ બાજી આપણા હાથમાંથી સરકી જશે. શું આવું કાંઈ બને એની પહેલા આપણે સમજદાર થઈ શું ???

કદાચ ધર્મની સમજણ થી આ પરિસ્થિતિનું અવલોકન કરશું તો એમ લાગશે કે તેમના પુન્ય કર્મોનો ઉદય છે માટે તેમનો હાથ ઉપર છે પછી ભલે તેઓ સાચા ન હોય પણ આવું કેટલા દિવસો ચાલશે કહેવાય છે ને કે આ દિવસો પણ ચાલ્યા જશે !

**– જયકાંત મોતા,** ઘાટકોપર – તેરા


।। જય જય અનંતનાથ ।।

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર અચલગચ્છના દેવી મહાકાલી માના ભક્તિ ઉત્સવ આમંત્રણ**

આપ બધા ભાવિકો થી અચલગચ્છના દેવી મહાકાલી માતાની મહાપૂજા ભક્તિ ઉત્સવ થાય છે. ૨૨મું વરસ **૨૦૭૩ આસો સુદ ૪, રવિવાર તા. ૨૪.૯.૨૦૧૭ સવારના ૮.૦૦ થી ૨.૦૦ મુલુન્ડ સ્થાને થશે.**

**૨૨મા વરસના ભાગ્યશાળી પરિવારો**

| | |
|---|---|
| • **માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ** | કોચીન – માંડવી |
| • **માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારણી** | સુથરી – મુલુંડ |
| • **માતુશ્રી નવલબાઈ નવીનચંદ દંડ** | સુથરી – માટુંગા |
| • **માતુશ્રી દેવકુંવર ગુલાબચંદ ભાટે** | નાસીક – નલીયા |
| • **શ્રી આણંદ પરિવાર હ. જ્યોતિબેન નરેન્દ્ર દંડ** | તેરા – મુલુન્ડ |
| • **શ્રી જયંતીલાલ વિસનજી ધરમશી** હ. જયેશ | સુથરી – ડોંબિવલી |
| • **પુષ્પાબેન નવીનચંદ્ર ચાંપશી છેડા** | મંજલ હમલા – મુલુંડ |
| • **શ્રી નારાણજી રતનશી લોડાયા** | હુબલી |
| તથા **કુમારી ઉર્વશી નાગડા** | ડોંબિવલી |

**નોંધ :** હજી કોઈ ભાવિકને લાભ લેવા ભાવના થાય તો દોઢ લાખનો ફાળો આપી નામ નોંધાવી શકાશે.
સંપર્ક :
યતિશ્રી યા મુકેશ મૈશેરી

સવારે ૯.૦૦ થી ૧.૩૦ કલાકે – **ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા, હંસકુમાર મૈશેરી અને મુકેશ મૈશેરી**
સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે – **મહાકાલી મા પુજન**
સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ કલાકે – (**પહેડી :** ૧૧.૦૦ કલાકે, **આરતી :** ૧૧.૧૫ કલાકે, **દર્શન પ્રસાદ :** ૧૧ થી ૨ કલાકે)

દર્શન કાળીદાસ હૉલમાં, પ્રસાદ મેરેજ હૉલ ધનરાજ કેટરર્સ – સૌ ભાવિકોને હંમેશની જેમ દર્શન વંદન પહેડી પ્રસાદ ભક્તિ સમારોહમાં પધારવા ૨૨ વરસના દાતાઓ મંદિર તથા ટ્રસ્ટ થી આમંત્રણ. **યતિ મોતીસાગરજી શ્રીજીમહારાજ ના આર્શીવાદ પધારશોજી.**

## પ્રેરણા પ્રકાશ : ચાર પગલાં સાત શિખર

### દહેરાદૂનની તાશી અને નુન્ગશી નામની જોડિયા બહેનોએ એવરેસ્ટ સહિત દુનિયાના સાત ખંડના દરેક ઊંચા શિખર સર કરવાનો તેમ જ બન્ને ધ્રુવ પર પહોંચવાનો વિક્રમ રચી ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ લખાવ્યું



પચીસ વરસીય નાજુક, નમણી, સુંદર દેખાતી તાશી અને નુન્ગશીને જોઈએ તો એવરેસ્ટ જ નહીં બીજા સાતેક પહાડો ચઢી આવી તેવું માનવાનું મન થાય. એક જ દિવસે જન્મેલી બન્ને બહેનોના ફક્ત શરીર જ જુદાં છે, તેમનો આત્મા એક જ છે એવું કહી શકાય. બન્ને બહેનોના શોખ અને સ્વભાવ સરખા છે. બન્નેને ચીલાચાલુ જીવન કરતાં ચેલેન્જિંગ સાહસ કરવું વધુ ગમે છે. આ ઉંમરની બીજી છોકરીઓ કરતાં તેમના શોખ જુદા છે. તેમને ખતરા વચ્ચે જીવવું ગમે છે. તેમની પાસે પ્રેમ કરવા માટે કે લગ્ન કરવા વિશે વિચારવાનો સમય નથી.

તાશી અને નુન્ગસીના પિતા વિરેન્દ્રસિંઘ મલિક નિવૃત્ત લશ્કરી અધિકારી છે. બન્ને બહેનો વતી તાશી ફોન પર 'મુંબઈ સમાચાર' સાથે વાત કરતાં કહે છે કે અમે નસીબદાર છીએ કે અમને એવા માતાપિતા મળ્યા છે કે જેમને છોકરીઓ માટે ગાઈડલાઈન નથી બાંધી. તેમણે જ અમને ઊડતાં શીખવ્યું એટલે જ આજે અમે કંઈક જુદું જીવન જીવી રહ્યા છીએ. ૧૮ વરસની ઉંમરે જ્યારે બારમા ધોરણની પરીક્ષા આપીને મુક્ત થયા કે પિતાએ કહ્યું કે તમારે હવે સાહસિક રમતગમત શીખવી જોઈએ. એટલે ૨૦૧૦ની સાલમાં માઉન્ટેનિયરિંગ કોર્સમાં જોડાયા. માઉન્ટેનિયરિંગ કોર્સમાં એડવાન્સ કોર્સ પણ અમે સારી રીતે પાસ કરી શક્યા.

કોર્સ દરમિયાન અમારી સ્ફૂર્તિ અને સ્ટ્રેન્થ જોઈને પ્રિન્સિપાલે અમને એવરેસ્ટ ચઢવાની પ્રેરણા આપી. એટલે ૨૦૧૩ની સાલમાં અમે એવરેસ્ટ સર કર્યું. એ દિવસ અમારા જીવનનો સૌથી રોમાંચક દિવસ હતો. અમે બન્ને


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed

Originally at Zaveri Bazar since 1976


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

**(શ્રી રાયચંદ ધરમશી ચે. ટ્રસ્ટ, વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ)**

S.S.C. (10th) માટે કોચીંગ કલાસીસની ફી તથા ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા ભારતભરમાં કોઈપણ સ્થળે રહી અભ્યાસ કરતા કેડીઓ વિદ્યાર્થીઓને કોલેજ ફી, હોસ્ટેલ ફી, કોચીંગ કલાસીસ ફી, વગેરે માટે **વગર વ્યાજે** લોન આપવામાં આવે છે.

ફોર્મ ભરવાની છેલ્લી **તા. ૩૦ મી જૂન ૨૦૧૭** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

**–: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :–**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ**

**ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પ) – ૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨–૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭**

**સોમવાર થી શનીવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઓફિસેથી :**

***નોંધ : અરજીફોર્મ સાથે બીડેલ પ્રત્યેક ફોટો કોપી ડોક્યુમેન્ટની ઓરીજીનલ કોપી ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી.***

બહેનો ૧૮ મે ૨૦૧૩ની સાલે જ્યારે એવરેસ્ટની ટોચ પરથી સુંદર નજારો જોઈ રહ્યા હતા ત્યારે અમારા હાથમાં ભારતીય ધ્વજ હતો અને સાથે પાકિસ્તાનની શમિના બેગ હતી. બન્ને દેશ માટે શાંતિ અને મિત્રતાનો સેતુ બંધાય તે માટે પ્રાર્થના કરી બન્ને દેશોના ધ્વજ બાજુ બાજુમાં ખોડ્યા.

તાશી આગળ કહે છે કે સ્ત્રી માઉન્ટેનિયર અને પુરુષ માઉન્ટેનિયરમાં ખાસ ફરક હોતો જ નથી. અમે પણ અમારી બેગ ઉપાડીને દરેક જોખમોનો સામનો કરતા પહાડોને સર કરીએ છીએ. હા, સૌથી મોટો ફરક હોય તો તે એ છે કે પુરુષોને દર મહિને મેનુસ્ટ્રુઅલ સાઈકલમાંથી પસાર નથી થવું પડતું. ઊંચા પહાડો પર ચઢતી વખતે રક્તસ્ત્રાવ અને પીડા બન્નેને સહન કરીને આગળ વધતા રહેવા માટે સ્ત્રીઓએ વધુ તાકતવર બનવું પડે છે. વળી અમે બન્ને બહેનો પીડા માટે કોઈ ગોળી લેતાં નથી. શરીરને નુકસાન થાય તેવું કશું જ કરવાનું અમે ટાળીએ છીએ.

જ્યારે એવરેસ્ટ પર પહોંચ્યા ત્યારે ભારતની છોકરીઓને યાદ કરી જેઓ દરરોજ પોતાની જાતને પુરવાર કરવા, પોતાની ઈચ્છા પૂરી કરવા માટે અનેક અડચણો પાર કરવાની હિંમત કરે છે. વીસ મિનિટ એવરેસ્ટ પર વીતાવી તે ખરેખર આધ્યાત્મિક અનુભવ હતો. એવરેસ્ટ સુધી પહોંચવું અમારા માતાપિતાના સહયોગથી સહેલું હતું પણ એવરેસ્ટ પર પહોંચતાં અમે મૃત્યુને પાર કરીને પહોંચ્યા હતા. આગળનો વિચાર નહીં બસ દરેક પગલું આગળ ભરવાનો જ વિચાર કર્યો. અમે બન્ને એકબીજાને બળ આપતાં, સંભાળતા ઉપર પહોંચી શક્યા તેનો જ આનંદ. નુન્ગશી કહે છે કે અમારી માતાએ પોતાના ઘરેણાં ગિરવે મૂકીને અમારા એવરેસ્ટ ક્લાઈમ્બિંગની ફી ભરી હતી. તેના ત્યાગને એળે નહીં જવા દેવાનો વિચાર જ અમને પહેલી જ વારમાં એવરેસ્ટ સર કરવાની હિંમત આપતો રહ્યો.

બસ, પછી તો તેમણે નક્કી કર્યું કે તેઓ દુનિયાના બીજા છ ખંડના ઊંચા શિખરો સર કરીને સાતે ખંડના શિખરો સર કરવાનો નવો કિર્તીમાન સ્થાપી ભારતની મહિલાઓ માટે નવી કેડી કંડારશે. છોકરીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે. બીજા બે વરસમાં તેમણે ૧. આફ્રિકાનો માઉન્ટ કિલિમાન્જરો, ૨. યુરોપનો માઉન્ટ એલબ્રસ, ૩. સાઉથ અમેરિકાનો માઉન્ટ અકોનકાગવા, ૪. ઈન્ડોનેસિયા માઉન્ટ કાન્સર્ટન, ૫. નોર્થ અમેરિકાનો માઉન્ટ મેકન્લી, ૬. એન્ટાર્ટિકાનો માઉન્ટ વિન્સન માસીફ પણ સર કર્યા.

આ બધામાં માઉન્ટ એવરેસ્ટ અને માઉન્ટ કાન્સર્ટન એ બેમાં તકલીફ પડી હોવાનું જણાવતાં તાશી કહે છે કે માઉન્ટ કાન્સર્ટનમાં જંગલનો વિસ્તાર પાર કરીને જવાનું હોય છે. ત્યાં વચ્ચે સુદાપા નામનું આદિવાસી ગામ આવે છે. એ લોકોને બહારના લોકો આવે તે કોઈ કારણસર ગમે નહીં. એટલે તેઓ અમને આવકારે નહીં. તેવામાં પાછા ફરતી વખતે અમે ટીમથી થોડા દૂર થઈ ગયા. વરસાદ અને ધુમ્મસને કારણે જંગલમાં રસ્તો ભુલાઈ ગયો અને ડેડ એન્ડ તરફ પહોંચ્યા. તે વખતે ખૂબ ડર લાગ્યો કે કેવી રીતે સંપર્ક કરવો. અમે બૂમો પાડી ત્યાં જોયું તો એક આદિવાસી તીરકામઠા લઈને અમારી તરફ આવી રહ્યો હતો. અમને થયું કે બસ જીવનનો અંત આવી ગયો. હાથ હલાવીને તેને


**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ**

**સંચાલિત**

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

ભારતભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦માં અભ્યાસ કરતા

કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા ફી-પુસ્તક સહાય.

ફોર્મ ભરવાની છેલ્લી **તા. ૩૦ મી જૂન ૨૦૧૭** છે.

**–: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :–**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ**

**ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પ) – ૪૦૦ ૦૮૬.**

**ફોન : ૦૨૨–૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭**

**સોમવાર થી શનીવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ**

**રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઓફિસેથી :**

**નોંધ :** વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે..

**–: જ્ઞાનદાન શ્રેષ્ઠદાન :–**

## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક. દ. ઓ. જૈન કન્યા છાત્રાલય

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : ૦૨૨-૨૫૦૬ ૩૪૪૯

**શાળા તથા કોલેજ વિભાગ : (કે.ડી.ઓ. છાત્રાઓને નિશુઃલ્ક રહેવા–જમવાની સગવડ પ્રાપ્ત છે.)**

અરજીપત્રક ભરવાની છેલ્લી **તા. ૩૦ મી જૂન ૨૦૧૭** છે.

**(નોંધ : તા. ૩૦.૦૫.૨૦૧૭ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.)**

કે.ડી.ઓ. જ્ઞાતિની છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : રવિવાર : **૧૧ મી જુન ૨૦૧૭**

સમય : **જૂની છાત્રાઓ** માટે સવારે ૧૦.૩૦ થી ૧.૦૦; **નવી છાત્રાઓ** માટે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે

ઘાટકોપર ખાતે છાત્રાલયમાં ઈન્ટરવ્યૂ સમયે માતા અથવા પિતા સાથે હાજર રહેવાનું રહેશે,
ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીજલ્ટ મળતા તેની ઝેરોક્ષ કોપી છાત્રાલયની ઓફિસમાં આપવાની રહેશે.

**–: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :–**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ**

**ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પ) – ૪૦૦ ૦૮૬.**

**ફોન : ૦૨૨–૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭**

**સોમવાર થી શનીવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઓફિસેથી :**

**વિમલાબેન ગોસર (પ્રમુખ)** **લીલાબેન શાહ (ઉપપ્રમુખ)** **લીનાબેન લાપસીયા (માનદ્‌મંત્રી)**


સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ માને જ નહીં એટલામાં સારા નસીબે અમારો લોકલ ગાઈડ ત્યાં પહોંચી ગયો અને પેલા આદિવાસીને સમજાવીને પાછો વાળ્યો. તે સમયે અમારા હૃદય બે ઘડી થંભી જ ગયા હતા.

માઉન્ટ મેકન્લી જેને દેનાલી પણ કહે છે તે એવરેસ્ટ કરતાં પણ ઠંડો છે.(અલાસ્કા પાસે આવેલ આ પહાડનું તાપમાન માઈનસ ૧૪૮ (ફેરેનહીટ) ડિગ્રી સુધી પણ પહોંચી શકે) ડેડલીએસ્ટ કોલ્ડ માઉન્ટન પર ચઢવાનું ખરેખર કપરું હતું. મૃત્યુને સમીપે જોવું સહેલું નથી હોતું. સતત જાગૃતિ અને પરિશ્રમ શિખર સર કરવા માટે જરૂરી હોય છે. અમે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પર સ્કીઈંગ કરીને પહોંચ્યા છીએ. આ બધું કરનાર એકમાત્ર જોડકી બહેનો અને મહિલા તરીકેનું ગૌરવ તેમને ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ દ્વારા મળ્યું છે.

તાશી તિબેટીઅન નામ છે તેનો અર્થ થાય નસીબ અને નુન્ગશી મણિપુરી નામ છે અને તેનો અર્થ થાય છે પ્રેમ. આમ બન્ને બહેનો નસીબ અને પ્રેમના બળે અનેક સાહસો ખેડી ચૂકી છે. હવે તેમણે એક સંસ્થાની સ્થાપના કરી છે જે દ્વારા તેઓ સ્ત્રીઓને પર્વતારોહક બનવાની પ્રેરણા અને માર્ગદર્શન આપશે સાથે જ બેટી બચાઓના સંદેશા સાથે હરિયાણામાં જાગૃતિ લાવવાનું કામ કરવા માગે છે. અનેક સાહસો સાથે બન્ને બહેનોએ જર્નાલિઝમમાં ડિગ્રી લીધી છે તો ન્યુઝિલેન્ડમાં જઈને સ્પોર્ટસ સાયન્સ એન્ડ એક્સરસાઈઝ વિષયમાં પોષ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ પણ કર્યો છે.

પર્વતારોહણ માટે આર્થિક મદદ તેમ જ ખાસ કરીને સ્ત્રીઓને તો મદદ સહેલાઈથી મળતી નથી. કારણ કે જ્યાં સુધી તેઓ પુરવાર ન કરે ત્યાં સુધી સ્ત્રી કપરાં પહાડો ચઢી શકે છે તે હજી લોકો માની શકતા નથી. સ્ત્રીઓ પણ કપરાંમાં કપરાં સાહસ કરીને પહાડો સર કરી શકે છે તે તાશી અને નુન્ગશીએ સાત કપરાં પહાડો અને બન્ને ધ્રુવ પર પહોંચીને પુરવાર કર્યું છે.

– **દિવ્યાશા દોશી**, મુંબઈ સમાચારમાંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા

**099798 55686**

॥ શ્રી અનંતનાથાય નમો નમઃ ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

ક્ષાતિનો કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

## સર્વણીમ વર્ષીતપ પારણા : પ્રભાવના ફંડ : આનાફોડની નામાવલી

**માતુશ્રી દમયંતીબાઈ રતનશી લોડાયા** (સાંયરા-પુના) ૨૦
**અ.સૌ. સુશીલાબેન તિલકભાઈ રાયચંદ લોડાયા** (કોઠારા-મુલુંડ) ૨૦
**શ્રીમતિ રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા** (તેરા-મુલુંડ) ૧૦
**શ્રીમતિ રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા** (લાખણીયા-વડાલા) ૫
**માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી** (કોઠારા-ઘાટકોપર) ૫
**માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** (સુથરી-પુના) ૫
**માતુશ્રી ગંગાબાઈ નરશી દંડ** (વરાડીયા-મલકાપુર) ૫
**શ્રી આણંદ પરિવાર** ૫
**માતુશ્રી કાંતાબેન મુરજી રાઘવજી લોડાયા** (સાંઘવ-દાદર) ૫
**માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા** (રાયધણજર-મુલુંડ) ૩
**શ્રી ચીમનલાલ હીરજી ખોના** (નલીયા-સાયન) ૩
**શ્રી દામજી શામજી પોલડીયા** (ગોરબારઈ-ભુસાવલ (નાસિક) ૨
**શ્રીમતિ નયનાબેન પૃથ્વીરાજ નારાણજી મોમાયા** (વરાડીયા-માટુંગા) ૨
**શ્રી શ્રેણિક નરશી મોમાયા** (બારોઈ-મુલુંડ) ૨
**શ્રી ગોવિંદજી નેણશી કાયાણી** (જખૌ-મુલુંડ) ૨
**માતુશ્રી મંજુલાબાઈ દામજી મૈશેરી** (ના. સિંધોડી-ઘાટકોપર) ૨
**શ્રી બીપીન પાશ્વીર નાગડા** (રંગપુર-મુલુંડ) ૨
**શ્રી મયુર ખીમજી પીર** (સુથરી) ૨
**માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા** (સાંયરા) ૨
**શ્રીમતી વિજયાબેન ડુંગરશી લાપસીયા** (દલતુંગી-મુલુંડ) ૨
**માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા** (દલતુંગી-મુલંડ) ૨
**શ્રી ચંદ્રકાંત શામજી નાગડા** (જખૌ-મુલુંડ) ૨
**માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા** (વરાડીયા-મસ્જિદ) ૨
**માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા** (સાંયરા-મુલુંડ) ૨
**માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ** (બાંઢિયા-ઐરોલી) ૨
**માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાબાઈ છેડા** (સુથરી-ડોંબિવલી) ૨
**શ્રી હંસરાજ વીરજી વિકમશી** (વારાપધર ડોંબિવલી) ૨
**માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા** (સાંયરા-માટુંગા) ૨
**માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના** (નલીયા-ઘાટકોપર) ૨
**શ્રી શાંતિલાલ જીવરાજ નાગડા** (નલીયા-માટુંગા) ૨
**શ્રીમતી ખમાબેન ઉત્તમચંદ કલ્યાણજી ખોના** (કોઠારા-સાંગલી) ૨
**શ્રી હંસ બી. ખીમજી** (તેરા-માટુંગા) ૨
**માતુશ્રી સોનબાઈ ત્રીકમજી વીરજી સોની** (વાંકુ-વડાલા) ૨
**અ.સૌ. પ્રેમીલાબેન ઠાકરશી મેઘજી ગોસર** (બાયઠ-સાયન) ૨
**માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા** (મંજલ/સુથરી-ડોંબિવલી) ૧
**શ્રી હીરાચંદ રાયચંદ કાનજી ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રીમતિ રેખાબેન હિરાચંદ રાયચંદ ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રીમતિ વર્ષાબેન વિનોદ રાયચંદ ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રીમતિ ગીતાબેન ખુશાલ રાયચંદ ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રી ચેતન દિનેશ રામજી લોડાયા** (સાંઘવ-મુલુંડ) ૧
**માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા** (આરીખાણા-મુલુંડ) ૧
**શ્રી રાયચંદ લધુભાઈ સોની** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી પટેલ** (સાંયરા-હૈદરાબાદ) ૧
**શ્રી ભદ્રેશ મુલજી ખેતશી પટેલ** (સાંયરા-મુલુંડ) ૧
**શ્રીમતિ રાજુલબેન ભદ્રેશ મુલજી પટેલ** (સાંયરા-મુલુંડ) ૧
**શ્રી કરમશી તેજપાર મોતા** (લાખણીયા-માટુંગા) ૧
**શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા** (વરાડીયા-ભાંડુપ) ૧
**શ્રીમતિ હેમલતાબેન શાંતિલાલ કુંવરજી મોમાયા** (વરાડીયા-ભાંડુપ) ૧
**શ્રી અમીત શાંતિલાલ કુંવરજી મોમાયા** (વરાડીયા-ભાંડુપ) ૧
**શ્રીમતિ ભાવના અમીત શાંતિલાલ મોમાયા** (વરાડીયા-ભાંડુપ) ૧
**શ્રી હીરાચંદ ટોકરશી દેવશી ખોના** (જખૌ-ઘાટકોપર) ૧
**શ્રીમતિ કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા** (સાંઘવ-મુલુંડ) ૧
**શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા** (મોટી ખાવડી-થાણા) ૧
**માતુશ્રી મણીબાઈ મેઘજી ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા** (વરાડીયા-માટુંગા) ૧
**માતુશ્રી નવલબાઈ મંગલબાઈ ખોના** (કોઠારા-મુલુંડ) ૧
**શ્રી રાયચંદ શીવજી છેડા** (વારાપધર-મુલુંડ) ૧
**માતુશ્રી ઝમકુભાઈ પદમશી શામજી લોડાયા** (સુથરી-મુલુંડ) ૧

(વધૂ સૂચી આવતા અંકે)

**સૌ તપસ્વીઓ શાતાપૂર્વક હસો, ભુરી ભુરી અનુમોદના ! સર્વે સહયોગીઓનો આભાર હજુ વધૂ સહયોગ અપેક્ષીત છે.**

જયેષ્ઠ ઉપપ્રમુખ : **ચીમન મેગજી મોતા - 09322220708**

માનદમંત્રી : **પ્રવીણ ટોકરશી લોડાયા - 07021438593** ● તત્કાલીન પ્રમુખ : **શામજી નરશી દંડ - 09323227778**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

**વરસીતપ પારણા દિન**

અક્ષય તૃતિયા, શુક્રવાર, તા. ૨૮-૪-૧૭ સવારે ૭.૩૦ કલાકે

**પારણા સ્થળ**

નેશનલ એક્ઝીબીશન સેન્ટર, ગોરેગાવ (ઈ).

**વરસીતપનો મંગલમય કાર્યક્રમ - અગત્યના સૂચનો :**

- તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૫૦મા વરસીતપની અનુમોદનાર્થે ભારતભરમાં ૩૦૦૦ થી અધિક વરસીતપના તપસ્વીઓએ તપસ્યા કરેલ છે. ૨૪૦૦ તપસ્વીઓના પારણા મુંબઈ પૂજ્યશ્રીની નિશ્રામાં થશે.
- સવારે ૭.૩૦ કલાકે અસ્મિતા હૉલ, એક્સપ્રેસ હાઈવે, ગોરેગાવ (ઈસ્ટ) થી શોભાયાત્રાની શરૂઆત થશે. તપસ્વીઓ તથા પરિવારના ૬ કાર્ડ ધારકો ૭.૩૦ થી પારણા મંડપમાં પ્રવેશ મળશે અન્યો પ્રવચન મંડપમાં બેસી શકશે. પારણા શરૂ થયા બાદ ૧૫ મિનિટ બાદ પારણા કરાવવા માટે જઈ શકશે.
- સવારે ૮.૩૦ કલાકે પૂજ્યશ્રીનું પ્રવચન મંડપમાં પ્રવેશ બાદ માંગલીક પ્રવચન, દાતાઓનું બહુમાન વગેરે રહેશે.
- સવારે ૧૦.૩૦ કલાકે પારણાની શરૂઆત થશે અને સાથે જ ભોજનની પણ શરૂઆત થશે.
- આપ તપસ્વીને સવારે ૧૦.૪૫થી ૧ દરમ્યાન પારણુ કરાવી શકશો અને એ જ સમયે દરમ્યાન ભોજન પણ વાપરી શકશો.
- પારણા મંડપ સ્થળે પહોંચવા વેસ્ટર્ન રેલ્વે લાઈનમાં જોગેશ્વરી અને ગોરેગાવ વચ્ચે રામમંદિર સ્ટેશન આવે છે ત્યાંથી ગ્રાઉન્ડનો ગેટ નં. ૪ ફક્ત ૨ મીનીટના અંતરે છે.
- પ્રભાવના વ્યક્તિગત આપી શકાશે નહીં, સામુહીક પ્રભાવના અખિલ ભારત માર્ફત જ આપી શકાશે.
- લોઢા ખાતે પાર્કીગ અને વેલે વ્યવસ્થા છે ત્યાંથી ગ્રાઉન્ડ સુધી આવવા - જવા માટે રીક્ષાની વ્યવસ્થા રાખેલ છે.

Mobile APP : આ મોબાઈલ એપ દ્વારા આપ આપણા સ્વજનો, પરિચિતોના પારણા ક્રમાંક, મેન ગેટથી પારણા બેઠક સુધી પહોંચવાનો સંપૂર્ણ નકશો નિહાળી શકશો : Link for Downloding APP : **https://play.google.com/store/search?? = achalgachchh8hl = en**

**સંપર્ક : જયેષ્ઠ ઉપપ્રમુખ : ચીમન મેગજી મોતા - 09322220708 • માનદમંત્રી : પ્રવીણ ટોકરશી લોડાયા - 07021438593**

---

।। શ્રી આદિનાથાય નમો નમઃ।।

## ગામ સેવક ભરૂડિયાના માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવારના વર્ષીતપના તપસ્વીઓની હાર્દિક અનુમોદના-સાંજી પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ...!

શ્રી અરિહંત પરમાત્માની અસીમ કૃપાથી, ગુરૂભગંવતો તેમજ પ. પૂ. સાદવી શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. સાદવી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. સાદવી શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. સાદવી શ્રી વૃતરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. સાદવી શ્રી દિવ્યગુણાશ્રીજી મ. સા. તેમજ પ. પૂ. સાદવી શ્રી કોટીગુણાશ્રીજી મ. સા. ના આશિર્વાદ થી આપણા અચલગચ્છાધીપતી પ. પૂ આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના સુવર્ણ વર્ષીતપની અનુમોદનાર્થે અમારા પરિવારની **ત્રણ પુત્ર-વધુઓ ૧) અ. સૌ. હેમલતા મહેન્દ્ર દંડ, ૨) અ. સૌ. ઉર્મિલા અશોક દંડ, ૩) અ. સૌ. સંગિતા રાજેશ દંડ** વર્ષીતપની આરાધના સુખ શાતા પૂર્વક કરી રહેલ છે.

અમારા પરિવારે આ શુભ અવસરે વર્ષીતપના તપસ્વીઓની અનુમોદનાર્થે ભવ્યાતિ-ભવ્ય સાંજીના કાર્યક્રમનું આયોજન કરેલ છે. અમારા પરિવારમાં આવેલ આ ખુશીના પ્રસંગે અમો સમસ્ત સેવક ભરૂડીયા, દલતુંગી, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી, દ્વાફા તેમજ જામનગરના સર્વે સાધર્મિક ભાઈ-બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

આ પ્રસંગે આપ સર્વે ને પધારીને સાધર્મિક ભક્તિનો લાભ આપવા આગ્રહભરી વિનંતી.

**-: સમય :-**

રવિવાર, તા. ૧૪/૦૫/૨૦૧૭
સવારે ૯ થી બપોરે ૧ કલાક સુધી

**-: સ્થળ : -**

**શ્રી મેવાડ કેસરી ભવન,**
લખી હાઉસ, બીજે માળ, ગુરૂદ્વારાની સામે,
પોલીસ ચોકીની બાજુમાં, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વે),

**લિ. મહેન્દ્રભાઈ, અશોકભાઈ ત્યા રાજેશભાઈ મણિલાલ દંડના જય જીનેન્દ્ર**

(શ્રીફળ તેમજ કોઇપણ જાતની ભેટ સૌગાદ, ફુલગુચ્છા વગેરેના અસ્વિકારને ક્ષમ્ય ગણશોજી.)

**જીવનસાથી સાથે હકારાત્મક સંવાદ**
**હૃદયરોગના હુમલા, સ્ટ્રોકનું જોખમ ઘટાડે છે :**



હૃદયરોગનું જોખમ ઘટાવડા માટે પત્નીની વાતો સાંભળવામાં રસ દાખવવો જોઈએ, તેવું એક નવા સંશોધનના તારણો સૂચવે છે. આ તારણો મુજબ, જીવનસાથી સાથે હકારાત્મક સંવાદથી હૃદયરોગના હુમલાનું કે સ્ટ્રોકનું જોખમ ઘટે છે.

વીએ ગ્રેટર લોસ અને એન્જલ્સ હેલ્થકેર સિસ્ટમનાં નતારિયા જોસે કે જણાવ્યું હતું કે, 'માથાને લોહી પહોંચાડતી ધોરી નસ પતિ-પત્નિ વચ્ચે નકારાત્મક સંવાદને કારણે જાડી થઈ જાય છે, જેના કારણે હૃદય અને રક્તવાહિનીઓ સંબંધી જોખમમાં વધારો થઈ શકે છે.'

પુખ્ત વયની ૨૮૧ વ્યક્તિઓ ઉપર કરાયેલા સંશોધનના તારણોથી સંશોધકોને માલૂમ પડ્યું હતું કે, પત્ની સાથે ઓછો કે નહિવત્ નકારાત્મક સંવાદ ધરાવનારાઓને ભવિષ્યમાં હાર્ટ એટેક કે સ્ટ્રોકનું જોખમ ૮.૫ ટકા વધુ રહે છે.

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

### સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર

**કચ્છ-બાયઠ**

આપની વસમી વિદાયને ૭-૭ વર્ષના વહાણાં વહી ગયા છતાં આપની યાદ ભુલાતી નથી. આપનું પરોપકારી જીવન, સદાય હસતો ચહેરો, કુટુંબ પ્રેમ, મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ, ધર્માનુરાગી, વ્યવહાર કુશલ એવા આત્માને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર**
**મુલજી શીવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર**
**કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર**
**ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર**

**જયશ્રી-રિતેશ, પ્રાપ્તિ-ભાવેશ-ગુંજ-મેહેર, નિષિત-કિંજલ-સ્પર્શ**
**મીના-હંસકુમાર, યશેષ-મિતાલી, સચિન, ભદ્રા-નરેશ-વૃષ્ટિ**
**જલ્પા-હિમાંશુ-આર્યન, પુજા-જય-દર્શન-પૂરવ, મનાલી-મિહિર**

|| શ્રી સચ્ચાય માતાજી નમઃ ||

## વરાડીયાના દંડ પરિવારના શ્રી સચ્ચાય માતાજીની મુંબઈ નગરે પહેડી

ગામ (કચ્છ) વરાડીયા મધ્યે બીરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની મુંબઈ નગરે પહેડી પ્રસાદનું આયોજન કરેલ છે. માતાજીને નમતાં ભાવિકો તથા નિયાણી બહેનોને પહેડી પ્રસાદમાં સહપરિવાર પધારવા દાતા પરિવાર તરફથી ભાવભર્યું નિમંત્રણ.

**આપ સર્વે આપણા પરિવારની નિયાણી બહેનોને પહેડી પ્રસાદમાં સહપરિવાર પધારવા માટે જાણ કરશોજી.**

**: શુભ દિવસ :**
**વૈશાખ સુદ ૧૨ને વાર રવિવાર,**
**તા. ૦૭-૦૫-૨૦૧૭**

**: શુભ સમય :**
**સવારના ૯.૦૦ થી ૧.૦૦ કલાકે**

**: શુભ સ્થળ :**
**શેઠશ્રી વીરચંદ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા**
બેંકવેટ હૉલ (AC), વર્ધમાન સ્થાનકવાસી ઉપાશ્રયની બાજુમાં,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

**લી. સર્વે દાતા પરિવારના જય શ્રી સચ્ચાય માઁ**

**ખાસ સૂચના : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરી આવવાં નહીં**

# ગુડનાઈટ, ડેડી !

- ચંદ્રકાન્ત બક્ષી



એણે જોયું બેબી વાર્તા સાંભળતા સાંભળતા જ સૂઈ ગઈ હતી.

ધીરેથી એણે બેબીના વાળની બંને રેશમી રિબનો ખોલી. પછી એક પછી એક હેરપિનો કાઢી લીધી, વાળ છૂટા કર્યા અને માથા પર હાથ ફેરવ્યો, ગાલ પર એક બચી ભરી. કહેવાનું મન થયું 'ગુડ નાઈટ, ડાર્લિંગ!'

સવારની ફ્લાઈટથી જવાનું હતું બેબીને.

ટેબલ પર પડેલી જૂની ડબલ લાઈનવાળી નોટનું પાનું ફફડ્યું. એ ઊભો થયો. હોમવર્કવાળી નોટ ઠીક કરીને બેગમાં મૂકતાં એનાથી વંચાઈ ગયું. આડાઅવળા અક્ષરે અંગ્રેજીમાં પેન્સિલથી લખ્યું હતું : 'ફૅરી પિંક કુડ નોટ ફ્લાય, ફૉર હર વિંગ્સ વેર વેટ.' - પાંખો ભીંજાઈ ગઈ હતી એટલે ફેરી પિંક ઊડી શકતી ન હતી. ફૅરી પિંક પરી હતી. નદીને કિનારે રહેતી હતી. લાઈલેકનાં ફૂલો વચ્ચે ઊડતી હતી. એ ઊડતી હતી એટલે ફૂલો હાલતાં હતાં અને પંખુડીઓ પરથી શબનમ ઝરતું હતું અને જ્યાં જ્યાં શબનમનું એક ટીપું ઝરતું હતું ત્યાં એક પતંગિયું પંખ ફફડાવીને ઊડી જતું હતું.

એણે નોટ બંધ કરી અને બેગમાં મૂકી.

એણે કહેલું : 'બેટા, વહેલી સૂઈ જા, કાલે વહેલા ઊઠીને તૈયાર થવાનું છે.'

'કેમ ?'

'કાલે વહેલા ઊઠવાનું છે. પછી તું ઊઠીશ નહીં.'

'ઊઠીશ, મને વાર્તા કહો.'

એણે વાર્તા બનાવવા માંડી : 'એક બેબી હતી...'

'મારા જેવી ?'

'હા, તારા જેવી, પણ એના વાળ તારા કરતાં લાંબા હતા.'

'કેટલા લાંબા, ડેડી ?'

'બહુ લાંબા.'

'એ ચશ્માં પહેરતી હતી ?'

એ હસ્યો. પછી યાદ આવ્યું, મંમી ચશ્માં પહેરતી હતી એટલે. અને એ ગમગીન થઈ ગયો. સંયત થઈ ગયો. ફરી હસ્યો. 'તને કેવી રીતે ખબર પડી ગઈ ?'

'મને ખબર નથી.'

'અચ્છા. એ ચશ્માં પહેરતી હતી.'

'આપણી મંમી પણ ચશ્માં પહેરે છે ને ?'

'હા, મંમી ચશ્મા પહેરતી હતી. પણ બેબીનાં ચશ્માં મંમી કરતાં નાનાં હતાં.'

'એ જોઈ શકતી ન હતી ?'

'જોઈ શકતી હતી. બહુ નહીં.'

'ચશ્માં પહેરે એટલે ન રડાય ?'

'રડાય.'

*કંટક જો વાગે છે, તો પાંપણથી ઉપાડીને,*
*સરળતાથી એ કંટકનું નંદનવન કરી લઉં છું.*

'પછી ?'

'પછી બેટા, એ બેબી એક વાદળ પર બેસી ગઈ. વાદળમાં બહુ પાણી હતું.'

'બેબી ભીંજાઈ ગઈ ?'

'ના બેટા, એ બેબી વાદળ પર બેસી ગઈ અને વાદળ આકાશમાં વહેતું હતું. અને એક નાનું લીલું પક્ષી આવ્યું. પક્ષી બહુ થાકી ગયું હતું. ઊડી ઊડીને પાંખો ફફડાવતું એ વાદળ પર બેસીને શ્વાસ ખાવા લાગ્યું, અને....'

'એ રસ્તો ભૂલી ગયું હતું ?'

'હા, એ રસ્તો ભૂલી ગયું હતું.'

'રાત પડી ગઈ ?'

'ના, રાત ન હતી. પણ અંધારું થઈ ગયું એટલે પક્ષી ગભરાતું હતું. બેબીની પાસે બેસી ગયું.'

'એને ડર લાગતો હતો ?'

'ડર લાગે ને. આટલા મોટા આકાશમાં એકલું એકલું ઊડ્યા કરે તો ડર લાગે ને ?'

'લાગે.'

એટલે બેબીએ પક્ષીને પૂછ્યું : 'પક્ષી, તું ક્યાં રહે છે ?'

'પક્ષી ક્યાં રહેતું હતું ?'

'પક્ષીએ કહ્યું કે, હું તો એક તારામાં રહું છું. એ તારો અહીંથી બહુ દૂર દૂર છે.'

'કેટલે દૂર ?'

'ખૂબ દૂર. મામાનું ઘર છે ને, એટલે બધે દૂર.'

'પક્ષી રડવા લાગ્યું ?'

'ના, એ કહે બેબી, હું રસ્તો ભૂલી ગયું છું. મને વાદળ પર બેસવા દઈશ ? બેબી કહે : હા, જરૂર બેસવા દઈશ. પછી પક્ષી બેઠું. અને વાદળ આગળ વહેવા લાગ્યું.'

'એ ઊડી ઊડીને થાકી ગયું હતું ?'

'હા, બેટા એ ખૂબ ઊડી ઊડીને થાકી ગયું હતું, એટલે વાદળ પર બેબીની સાથે બેસી ગયું.'

'પછી ?'

પછી ચશ્માંવાળી બેબીએ લીલા પક્ષીને પૂછ્યું : 'પક્ષી, તને ગાતાં આવડે છે ?'

પક્ષીએ કહ્યું : 'મને તો ગાતાં આવડે જ ને!'

બેબીએ પૂછ્યું : 'મને એક ગીત સંભળાવીશ ?'

'પક્ષીને ગીત ગાતાં આવડે, ડૅડી ?'

'આ પક્ષીને આવડતું હતું બેટા, એણે ગાયું.'

'બેબીને મજા પડી ?'

'ખૂબ મજા પડી. બેબી ખુશ ખુશ થઈ ગઈ. ઊભી થઈ. ખૂબ નાચી. એ નાચી એટલે વાદળ હાલ્યું અને વાદળમાંથી વરસાદ પડવા લાગ્યો.'

'તમે તો કેવી ફાઈન વાતો કરો છો, ડૅડી ?'

'તને ગમે છે ?'

'હા, મને બહુ ગમે છે. પછી શું થયું ?'

'ખૂબ વરસાદ પડ્યો. વાદળું ખાલી થઈ ગયું. વરસાદ નદી ઉપર પડ્યો અને પર્વતો ઉપર પડ્યો. જમીન પર પડ્યો, ઝાડો પર પડ્યો. પાંદડાઓ પર પડ્યો.'

'ઝાડ પણ ભીંજાઈ ગયાં ?'

'હા, એક ઝાડ હતું. એનાં પાંદડાં પીળાં પડી ગયાં હતાં. એમાં એક કેસરી કીડી રહેતી હતી.'

'એ પણ ભીંજાઈ ગઈ ?'

'હા, કેસરી કીડી પીળા પાંદડા પર સૂતી હતી.

*જત્તતમાં છું છતાં જાણે જગતમાં હું નથી 'શયદા',*
*કદી એવુંય વર્તનમાં પરિવર્તન કરી લઉં છું.*
*- 'શયદા'*

હવા આવી એટલે પાંદડું તુટવા લાગ્યું, કીડીની પાંખો ભીંજાઈ ગઈ. એ ઊડી શકી નહીં. પછી એ રડવા લાગી.'

'કીડી કેમ રડવા લાગી ?'

'એની પાંખો ભીંજાઈ ગઈ ને બેટા, એટલે એ ઊડી શકી નહીં, એટલે રડે.'

'ડૅડી, ફ્રેરી પિંકની પાંખો ભીંજાઈ ગઈ હતી. એ પણ રડતી હતી.'

'આ કીડી પણ ફ્રેરી પિંકની જેમ રડવા લાગી. કહેવા લાગી મારી પાંખો ભીંજાઈ ગઈ. હવે હું નહીં ઊડી શકું.'

'બેબીએ એની પાંખો લૂછી નાખી ?'

'ના. ત્યાં એક જાડો દેડકો બેઠો હતો. એનું ગળું હાલતું હતું અને આંખો બહાર નીકળી ગઈ હતી. કીડીની પાંખો ભીંજાઈ ગઈ ને એટલે એ હસવા લાગ્યો.'

'પછી ?'

'પછી સૂરજ ચમક્યો. આકાશ ગરમ થયું. નદી ગરમ થઈ. પર્વતો ગરમ થયા. જમીન ગરમ થઈ એટલે કીડીની પાંખો પણ સુકાઈ ગઈ.'

'કીડી ઊડી ગઈ ?'

'તડકો ખૂલ્યો એટલે કીડીની પાંખો સુકાઈ ગઈ. અને દેડકાની આંખો ધૂપમાં બંધ થઈ ગઈ. કીડીની પાંખો તડકામાં ચકચક થવા લાગી. પછી કેસરી કીડી ઊડવા લાગી. લીલું પક્ષી ગાવા લાગ્યું. ચશ્માવાળી બેબી નાચવા લાગી.'

'કેવું ફાઈન, ડૅડી!'

'પછી સામે એક મેઘધનુષ ખૂલી ગયું.'

'મેઘધનુષ એટલે ?'

'વરસાદ પડે અને સૂરજ ચમકે એટલે આકાશમાં સાત હલકા રંગોનો એક પુલ બની જાય. ઝૂમાં છે ને એવો જાપાનીસ પુલ જેવો.'

'પછી ?'

'કેસરી કીડી એ મેઘધનુષના રંગીન પુલ ઉપર જઈને રમવા લાગી. લીલું પક્ષી એ પુલ ઉપર થઈને ઊડી ગયું. એ રહેતું હતું એ તારા તરફ ઊડી ગયું.'

'અને બેબી, ડૅડી ?'

'બેબી પણ સૂઈ ગઈ. બેટા. ચાલ, હવે તું પણ સૂઈ જા.'

'બેબી ક્યાં સૂઈ ગઈ ?'

'એના ડૅડી પાસે. વાર્તા પૂરી થઈ ગઈ. ચાલો. હવે સૂઈ જવાનું - ગુડ નાઈટ.'

'ગુડ નાઈટ, ડૅડી!'

રેશમી રિબનો અને હેરપિનો એણે બેબીની નાની બૅગમાં મૂક્યાં. પેન્સિલથી હોમવર્ક કરેલી નોટી મુકાઈ ગઈ. કેસરી કીડી મેઘધનુષ પર રમતી હતી. લીલું પક્ષી ઊડી ગયું હતું - તારાઓના દેશમાં. ચશ્માવાળી બેબી ચશ્માં અને રિબનો અને હેરપિનો કાઢીને ડૅડીને ગુડનાઈટ કરીને સૂઈ ગઈ હતી. વાર્તા પૂરી થઈ ગઈ હતી.

બેબીને સવારની ફ્લાઈટથી મોકલી દેવાની હતી. એ એકલી જ જવાની હતી. અહીંથી બેસી જવાની હતી નવ વાગ્યે. સાડાબારે ચેન્નાઈ ઊતરી જવાની હતી. ચેન્નાઈ પર એની મંમી એને લેવા આવવાની હતી. એનું વેકેશન પણ પુરું થવા લાગ્યું હતું.

- અને એના ડૅડી સાથે રહી આવવાની કોર્ટે આપેલી મુદત પણ.

* * *

*મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,*
*આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.*
*- ઓજસ પાલનપુરી*

સંસ્થા સમાચાર / જ્ઞાતિ સમાચાર / વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૭-૫-૨૦૧૭ના રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુ પુજ્ય જિનાલય મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી ભરત શીવજી પોલડીયા - ડુમરા વાળાના પુત્ર ધવલના લગ્ન પ્રસંગે રાખેલ છે. આવતા માસની તા. ૪-૬-૨૦૧૭ના શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર - માંડવી વાળાની છે.

### ભલારા ભક્તિ મંડળ - હૈદરાબાદ

હૈદરાબાદના ''ભલારા ભક્તિ મંડળ હૈદરાબાદ''ના ઉપક્રમે ચૈત્રી પૂનમ મંગલવાર તારીખ ૧૧ એપ્રીલ ૨૦૧૭ના સામુદાયીક પાઠ તથા પહેડી પ્રસાદનું આયોજન કરેલ હતો. લગભગ ૨૦૦ ભાવિકોએ પહેડી પ્રસાદ તથા પાઠનો લાભ લીધેલ હતો.

આ વર્ષે પહેડી પ્રસાદીના લાભાર્થી શ્રી ધરમશી રતનશી ડાઘા પરિવાર, સુથરી હતા. પાઠનો કાર્યક્રમ ખૂબજ ઉલ્લાસપૂર્વક તથા ભક્તી ભાવપૂર્ણ સંપન્ન થયેલ. આવતા વર્ષ માટેના લાભાર્થી માતુશ્રી રાજબાઈ પદમશી મોતા, કુવાપધર હસ્તે શ્રી દિલીપભાઈ પદમશી મોતા નક્કી થયા.


## પુજારી જોઈએ છે.

- ❖ યોગ્ય પગાર
- ❖ સહકુટુંબ રહેવાની વ્યવસ્થા
- ❖ કે.ડી.ઓ.ની પહેલી પસંદ
- ❖ વહેલો તો પહેલો
- ❖ મળો યા ફોન કરો

**રાજેન્દ્ર લાલકા**

(બાંડીયા - અબડાસા કચ્છ)

**09427433348 / 07016088348**


### પાલીતાણા નરશી નાથા ધર્મશાળાને સોલાર પ્લાન્ટ ભેટ

શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, પાલીતાણા ધર્મશાળાને શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર - વરલી-સુથરી વાળા તરફથી સોલાર સીસ્ટમ પ્લાન્ટની સપ્રેમ ભેટ મળેલ છે.

### ભાંડુપ સમાચાર

**વીર જન્મ કલ્યાણક મહોત્સવ :** સાધ્વીશ્રી અનંતકીરણાશ્રીજી મ.સા.ની તારક નિશ્રામાં વીર જન્મ કલ્યાણકે ગુરૂદેવે મહાવીર સ્વામીના જીવનના પાસાંઓ ઉપર ઉજળો પ્રકાશ પાથરી પ્રભુજીની જૈન શાસન ઉપર કૃપા ઉપર વ્યાખાન આપ્યું. માતુશ્રી રતનબેન તિલકચંદ મૈશેરી તરફથી પ્રભાવના રહી. બપોરના પૂજા અને સાંજે ભવ્ય આંગી સજવાઈ. ભાંડુપના બધા સંઘો સાથે રહી સવારના રથયાત્રા કાઢી. સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થયો. હર સંઘોનું બહુમાન થયું. બપોરના સ્વામી વાત્સલ્ય રહ્યું.

ચૈત્રી પૂનમ : આ.શ્રી અનંતકીરણાશ્રીજી મ.સા. ચૈત્રી પૂનમનો મહિમા સમજાવ્યો. શત્રુંજય તીર્થ પટ સમક્ષ શ્રી સંઘે ૧૦૮ ખમાસણા આપી ચૈત્યવંદન કર્યું. માતુશ્રી પ્રેમાબાઈ ખીમજી લોડાયા હ. પ્રવીણભાઈ તરફથી ભાથું અપાયું.

પૂનમના ચિ. પારસના જન્મે માતુશ્રી તરલાબેન લહેરચંદ મૈશેરી તરફથી પ્રભાવના થઈ.

ચૈત્ર માસની શાશ્વતી ઓળી સા.શ્રી. અનંતકિરણાશ્રીજી મ.સા.એ આયંબીલ ઓળીના નવે નવ દિવસ નવપદ ઉપર મનનીય પ્રવચને સમજ આપી. શ્રીપાળ મપણાંના રાશનો કુ. મિતલ શ્રી મધુબેન ડાઘા, ઈલાબેન ખોના, કસ્તુરીબેન


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ - ચણીયા ચોલી
- ધરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

## સેવાના ભેખધારી કુલીન લુઠીયા અને પ્રબોધ મુનવરને એવોર્ડ

ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ મુંબઈ દ્વારા ભારત દેશના ૨૯ રાજ્યોમાંથી પામેલા વિવિધ ક્ષેત્રોનાં સામાજિક કાર્યકરોને શ્રી ભાઈદાસ મગનલાલ જુહુ પાર્લા સભાગૃહ મુંબઈ મધ્યે ફિલ્મજગતની હસ્તીઓનાં વરદ્ હસ્તે ડૉ. બાબા સાહેબ આંબેડકર નોબેલ બાના-૨૦૧૩ અર્પણ કરી તેઓશ્રીની નોંધ લેવામાં આવી હતી.

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના વર્ષોથી સેવા સાથે સંકળાયેલા શ્રી કુલીનભાઈ લુઠીયા તથા માનવમિત્ર વલ્લભજીભાઈ ડી. શાહ તથા માનવજ્યોત ભુજનાં શ્રી પ્રબોધ મુનવરે ડૉ. બાબા સાહેબ આંબેડકર નોબેલ એવોર્ડ ''બાના-૨૦૧૭'' અર્પણ કરવામાં આવેલ.

લોડાયા, અનીત પટેલ, તારાબેન નાગડા અને ઉષાબેન મૈશેરીએ નિત્ય વ્યવસ્થા સંભાળી

છેલ્લા વીસ વરસથી માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા સાંઘવવાળા પરિવાર ચૈત્ર માસના આયંબીલ ઓળીને સંપૂર્ણ લાભ લઈ અવાર-નવાર સહપરિવાર પધાર તપસ્વીઓની આછા પુચ્છા કરી પીરસવાનો પણ લાભ લઈ સૌને પ્રેમથી પારણાં કરાવી આકર્ષક પ્રભાવના પણ કરે શ્રી સંઘ તરફથી તેઓશ્રીનું અનુમોદનાસહ બહુમાન કરાયું.

શનિવાર, તા. ૧૫ના અચલગચ્છાધિપતિશ્રી આદી પાંચ આ.ભ. વિશાળ શ્રમણ-શ્રમણીઓ સહ પધારતા શ્રી સંઘોએ ધમાકેદાર સ્વાગત કર્યું. ગચ્છાધિપતિશ્રીના સ્વાગતે સંખ્યાબંધ શ્રમણીએ પધાર્યા.તલસ્પર્શી મહિમા સમજાવ્યો.

ભલારા દાદા લાલપુર સ્થાનકે અનંતમિત્ર મંડળીના સભ્યોએ વ્યવસ્થાએ સેવાનો લાભ આપ્યો.

### કુલપાકજી તીર્થ

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘના ઉપક્રમે શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સીટી)ના સાથ અને સહકારથી રવિવાર તા. ૯ એપ્રીલ ૨૦૧૭ના મહાવીર જન્મ કલ્યાણકના દિવસે જીતેશ્વર મંદિરના પ્રાંગણમાં ''સ્તવન હરીફાઈ'' નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘને સપ્ટેમ્બર ૨૦૧૬માં દસ વર્ષ પૂરા થયા છે એની ખુશાલીમાં દશાબ્દી વર્ષના નાતે





- જેમના વર્ષીતપ પૂર્ણ થઈ રહ્યા છે તેમને અનુમોદના સહ અભિનંદન.
- જેમણે હમણા વર્ષીતપના સંકલ્પ કર્યા છે તેમના તપ નિ:વિઘ્ને પૂર્ણ થાય એવી શુભકામના સહ અનુમોદના.
- શાસનદેવની કૃપાથી સર્વે તપસ્વીઓ સુખ શાતામાં હો!
- ૫૦ વર્ષીતપ પૂર્ણ કરી ૫૧ મા વર્ષીતપનો સંકલ્પ કરનારા અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મહારાજ સાહેબ** સહુના પ્રેરણામૂર્તિ રહો.

**લી. માતૃશ્રી બાંઇયાબાઇ હેમરાજ શામજી વિસરીયા પરિવાર ફાઉન્ડેશન - ટેલીકાસ્ટ ગ્રુપ ઓફ કંપનીસ્**

RUJUTA / 98213 30432


અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. લગભગ ૫૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ. સ્પર્ધકોએ ચાર ગ્રુપમાં વિભાગવામાં આવેલ. ૪ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૩૫વર્ષ, ૩૬ થી ૫૦ વર્ષ તથા ૫૧ વર્ષના ઊભા પ્રત્યેક ગ્રુપને ઋણ પુરસ્કાર આપવામાં આવેલ પ્રથમ રૂા. ૧૦૦૦/- રોકડા દ્વિતીય રૂા. ૫૦૦/- રોકડા તથા રૂા. ૧૫૦/- રોકડા પ્રત્યેક સ્પર્ધકને રૂા. ૧૦૦/-નું પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. જો શાંતી સીલેક્ષન તરફથી ૫૧ પ્રોત્સાહન મોંમેન્ટો આપવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી મીના સાયલાએ નિભોવલ. ત જની જવાબદારી શ્રીમતી રશ્મીબેન રાજેશ લોડાયા તથા શ્રી યોગેશ સુરેશ ગોસર નિભાવેલ. તાજે સાથ શ્રી દેવેન્દ્રભાઈ સહયોગ આપેલ. પારિતોષીકના લાભાર્થી હતા શ્રીમતી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા પરિવાર, વહિવાટ... ગામ વરાડીયા.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અનંતછાયા ઘાટકોપર ખાતે અનંતનાથ દાદા આદિ જિનબિંબોની પુન:પ્રતિષ્ઠા જ્ઞાતિ માટે સુખ-સમૃધ્ધિ સંતોષ લાવનારી રહે એજ અભ્યર્થના...

- ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કાર્તિક કુંવરજી દંડ** (PS 3161) | ૩૦૪, ૩જે માળે, હોરીજન ફ્લોરા, અલ્કેશ કો.હા.સો., કસ્તુરબા રોડ, અપના બજાર સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૧૩ ૩૬૮૩૩, ૦૨૫૧-૨૮૬૦૨૮૬, ૨૮૬૩૯૭૮ |
| **જ્ઞાનેશ જયચંદ લાપસિયા** (PS 2521) | C/o. વિનોદ આર. ગુપ્તા, ૧૮, હીરા-મોતી નગર, એબી વિંગ, કિશન નગર નં. ૧, ચેકનાકા, થાણે-૪૦૦ ૬૦૪. મો.: ૯૯૨૦૫ ૧૩૪૯૩ |
| **લલિત ખેતશી ધરમશી** (PS 6436) | ૩૦૩, સ્મૃતિ એપાર્ટમેન્ટ, ફોજદાર ચાવડી પોલીસ ચોકી પાસે, સાઈ પ્રસાદ સામે, સોલાપુર - ૪૧૩ ૦૦૧. |
| **કીર્તિકુમાર વેરશી દંડ** (PS 676) | A1/૬૦૩, અંબર એન્ક્લેવ, ખંભાલપાડા, લક્ષ્મી પાર્ક પાસે, ઠાકુર્લી (ઈસ્ટ), થાણે - ૪૨૧ ૨૦૧. |
| **હીરાચંદ કુંવરજી મૈશેરી** (PS 4624) | બીજે માળે, શિખર ટાવર, કુંથુનાથ જૈન મંદિર પાસે, ગલી નં. ૪, ફાફાડીહ, રાયપુર - ૪૯૨ ૦૦૯, છત્તીસગઢ. મો.: ૯૪૨૫૨ ૦૪૭૫૭ |
| **રવિંદ્ર હરીશ મુનવર** (PS 6349) | બી-૧૦૧, સાલારપુરિયા મેલડી, મૈસૂર રોડ, પંથારપાલ્યા, નયનડાહલ્લી, બેંગલોર - ૫૬૦ ૦૩૯. મો.: ૯૭૬૬૨ ૨૪૪૦૦ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૭ | વડાલા | વિહાન, ચેતના વિકી જગદીશ મૈશેરી | લાલા | પુત્ર |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૪-૧૭ | અંધેરી | કુશલ કેતન ડુંગરશી મુલજી મોતા | તેરા | ૨૨ |
| | ફોર્ટ | મનીષા રાજેશ મુનીલાલ શુક્લા | બંથર (ઉન્નાવ) | ૨૧ |
| ૧૭-૦૪-૧૭ | ઘાટકોપર | ચંદ્રેશ નરેન્દ્ર નવલચંદ કીરચંદ ટોળીયા | અમરેલી | ૩૧ |
| | મુલુંડ | દિશા દિલીપ લક્ષ્મીચંદ ભારમલ નાગડા | રાપર | ૩૧ |
| ૧૯-૦૪-૧૭ | રાયચુર | હિમાંશુ શ્રીકાંત બંકીમચંદ લોડાયા | સુથરી | ૨૯ |
| | રાયચુર | મિથિલા મહાવીર રાજ સિંઘવી | સોજાથ | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૪-૧૭ | વડોદરા | દમયંતીબેન રાયચંદ લાલજી મોમાયા | વરાડીયા | ૮૩ |
| ૧૬-૦૪-૧૭ | ન્યુ જર્સી (USA) | સેવંતીલાલ ટોકરશી નાગડા (S.T. JAIN) | લાલા | ૭૬ |
| ૧૮-૦૪-૧૭ | ચેમ્બુર | પંકજ ખીમજી મોમાયા | જખૌ | ૬૭ |
| ૧૮-૦૪-૧૭ | અમદાવાદ | ગુણવંતીબેન નરશી લોડાયા | સાંધવ | ૭૫ |

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## ઘાટકોપર અનંતછાયા સ્થિત જિનાલયએ અનંતનાથ દાદાની પુનઃપ્રતિષ્ઠા ચઢતા ભાવે સંપન્ન









## મુમુક્ષુ કુ. ભાવિબેનની દીક્ષા પૂર્વેની મેંહદી રસમ અને વર્ષી દાન વરઘોડાની ઝલક







**શા. ખુશાલભાઈ લખમશી માણેક પોલડીયા**

ડુમરા - બોરીવલી

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# ધન્ય છે.... તપસ્વીને....

**વરસીતપના પારણે.... ભૂરી ભૂરી અનુમોદના,**
**પ્રભુ આપને તપોબળ આપે, એજ છે શુભકામના !**

અચલગચ્છાધિપતિ **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના ૫૦મા વરસીતપના અવસરે આપણી જ્ઞાતિમાંથી ૩૦૦૦ જેવા વરસીતપના આરાધકો જોડાયા. ત્યારે ખુશાલભાઈએ ૧૮૦ દિવસના છમાસી તપ કરવાની ઈચ્છા વ્યક્ત કરતા આચાર્યદેવશ્રીની તિવિહારા ઉપવાસથી જ એ તપ કરવાની અનુમતી મળી. તેમણે સળંગ ૯ વરસીતપ, દશ માસ ક્ષમણ, ચાર સોળભત્તા સોળ અઠ્ઠાઈ જેવી ઉગ્ર તપસ્યાઓ કરેલ છે.

વરસીતપના પારણાં પ્રસંગે એમની અનુમોદના સહ સુખશાતા પૂછીયે છીએ તથા પરમકૃપાળુ પરમાત્મા તેમને સ્વસ્થતામય દીર્ઘ જીવન બક્ષે એવી શુભકામના ભાવીએ છીએ.

લી. **માતુશ્રી વિજયાબાઈ રાયચંદ ભોજરાજ ધરમશી ભાટે પરિવાર** (કોઠારા - મસૂર)

દા. **નિતિનભાઈ**

**માતુશ્રી પ્રભાબેન શીવજી દામજી લોડાયા પરિવાર** (રાપરગઢવારી)

દા. **વિપુલભાઈ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (24-04-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

ઉત્કૃષ્ટતા સંસ્કારનું સન્માન કરવામાં,
શાસનસેવા કરતાં માનવભવ તરવામાં,
ભાગ્યશાળી જાળવે સંતુલન સૌ બાબતે,
જગ સુધારવામાં, જાતે પણ સુધરવામાં

અમે,
**નિશાબેન હિતેન્દ્રભાઈ માણેકજી મોતા**
(રાપરગઢવારી-વાલકેશ્વર) અને
**મયૂરીબેન કેતનભાઈ કાંતિલાલ શાહ**
(જૂના ડીસા-હોંગકોંગ)
અમારાં સંતાન

**જય અને આયાના**

ના શુક્રવાર, ૧૪ એપ્રિલ ૨૦૧૭ ના
રોજ થયેલા શુભ વેવિશાળના વહાલભર્યા
અવસરે અત્યંત આનંદ અનુભવીએ છીએ.
સાથે પરમાત્મા, જિનશાસન, સમાજ અને
સ્વજનોનાં આશીર્વાદ-વધામણાંને
પણ ઉમંગભેર નતમસ્તક કરીએ છીએ!

આભાર!
**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,